ક્રમાંક : જીઆઈડીસી/એએલટી/પીઓએલ/ ૫(III)/ ૩૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૨૪.૧૦.૨૦૧૧.

// પરિપત્ર //

વિષય: પ્લોટની ફાળવણીની નીતિમાં ડાઉન પેમેન્ટની રકમ ભરવા બાબતે આંશિક સુધારો કરવા બાબત.
સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક :જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮) ૦૭ તા. ૩૧.૦૫.૨૦૦૮.
(૨) પરિપત્ર ક્રમાંક :જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭/૦૪ તા. ૦૫.૦૧.૨૦૦૯.

નિગમ દ્વારા પ્લોટની ફાળવણીની નીતિમાં ડાઉન પેમેન્ટની રકમ ભરવા બાબતેની નીતિ ઉપરોક્ત સંદર્ભિત દર્શિત પરિપત્રોથી વખતોવખત જારી કરવામાં આવેલ છે. તે પ્રમાણે હાલની પ્રવર્તમાન નીતિ તા. ૧૮.૧૨.૨૦૦૮ ના રોજ મળેલ નિગમની ૪૪૦ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : ૧૧૮/વિતરણ/૪૪૦/૨૦૦૮ થી ઉપરોક્ત સંદર્ભ (૨) અન્વયે પરિપત્રિત થયેલ નીતિ પ્રમાણે;

અ) ૧૦૦ હેક્ટર કરતી નાની વસાહત માટે ૩૦% ડાઉન પેમેન્ટ, બાકી રકમ ૩૨ ત્રિમાસિક હપ્તામાં પ્રવર્તમાન ધોરણોએ વ્યાજ સાથે ૩૨ ત્રિમાસિક હપ્તા માટે આગોતરા (પીડીસી) ચેક મેળવવાના રહેશે.

બ) ૧૦૦ હેક્ટર કરતા મોટી વસાહતોમાં કિસ્સામાં;

(૧) કક્ષા-૧ માં આવતા ઉદ્યોગ માટે ૩૦% ડાઉન પેમેન્ટ અને બાકી રકમ ૨૦ ત્રિમાસિક હપ્તામાં વ્યાજ સાથે, ૨૦ ત્રિમાસિક હપ્તા માટે આગોતરા ચેક (પીડીસી) મેળવવા.

(૨) કક્ષા-૨ માં આવતા ઉદ્યોગના કિસ્સામાં ૩૦% ડાઉન પેમેન્ટ અને બાકી રકમ ૧૬ ત્રિમાસિક હપ્તામાં વ્યાજ સાથે ૧૬ ત્રિમાસિક હપ્તા માટે આગોતરા ચેક (પીડીસી) મેળવવા.

(૩) કક્ષા-૩ માં આવતા ઉદ્યોગના કિસ્સામાં ૩૦% ડાઉન પેમેન્ટ અને બાકી રકમ ૧૨ત્રિમાસિક હપ્તામાં વ્યાજ સાથે ૧૨ ત્રિમાસિક હપ્તા માટે આગોતરા ચેક (પીડીસી) મેળવવા.

નિગમની તા. ૧૨.૧૦.૨૦૧૧ ના રોજ મળેલ ૪૫૯ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ પ્રમાણે હવે પછીથી નિગમની તમામ વસાહતોમાં ફાળવણી વખતે ઉદ્યોગકારો પાસેથી જમીનની ફાળવણીની કુલ કિંમતના ૫૦% રકમ ફાળવણી કરતી વખતે ડાઉન પેમેન્ટ પેટે વસૂલ લેવાની રહેશે. અને બાકીની રકમ પ્રવર્તમાન વ્યાજ દર સાથે ૧૨ (બાર) ત્રિમાસિક સરખા હપ્તામાં આગોતરા ચેક (પીડીસી) થી વસૂલ મેળવવાની શરતે ફાળવણી કરવાની રહેશે.

આ નીતિ ફક્ત રેગ્યુલર ફાળવણીના કિસ્સામાં જ લાગુ પાડવાની રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ના નામજોગ પાઠવવી.

(ALT) BRANCH
INWARD No. 3259
DATE 24/10/11

GENERAL MANGER (ALT)

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

રવાના કર્યું
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ)

પાછળ....